Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૧ ● અંક : ૬ ● જૂન ૨૦૧૩ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● જેઠ સુદિ ● તિથિ-૮ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૪મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●   ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈન એકતા

*''ગચ્છના બહુ ભેદ નયને નિહાલતાં*
*તત્ત્વની વાત કરતાં ન લાજે.*
*ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં,*
*મોહ નડિઆ કલિકાલ રાજે.''* (૧૪ : ૩)

☐ આનંદઘનજી

વિશ્વની ત્રણ અબજની માનવ વસ્તીમાં લગભગ પચાસ લાખ જ જૈનો હશે. કોઈ એક કરોડની સંખ્યા પણ કહે છે, પણ જે હોય તે, જૈન અતિ અલ્પ સંખ્યામાં તો છે જ. આ ધર્મ અતિ પ્રાચીન છે. એના શ્રુત ભંડારોમાં અમૂલ્ય અને અસંખ્ય જ્ઞાન ભર્યું છે. જગતને વિશ્વશાંતિ અને સુખનો રાહ દર્શાવી શકે એવા સિદ્ધાંતો એની પાસે છે. નજીકના ભૂતકાળમાં જ ગાંધીજીએ 'અહિંસા'ના શસ્ત્રથી ભારતને આઝાદી અપાવી. આ શસ્ત્ર જૈનોના શાસ્ત્રમાં છે. અહિંસા એ જૈન ધર્મનો આત્મા છે. ગીતા તો યુદ્ધ ભૂમિમાં સર્જાઈ. ગીતા મહાન છે. આ ગીતામાં જીવન માટે ઊંડાણભર્યું તત્ત્વજ્ઞાન છે. પણ, અહીં અર્જુનને યુદ્ધ કરવાનો આદેશ ભગવાન કૃષ્ણ આપે છે. ભગવાન મહાવીરે યુદ્ધ કરવાનું ક્યારેય કોઈને કહ્યું નથી. મહાવીરે તો માનવની ભીતરમાં રહેલા રાગ-દ્વેષ, માન, લોભ, મોહ જેવા અરિ-દુશ્મન સામે લડવાનું કહ્યું છે. પણ દુઃખની ઘટના એ છે કે આ જૈનો સંપ્રદાયના નામે અંદરો અંદર જ લડે છે. રાગ-દ્વેષ વધારે છે. મતભેદોની દિવાલ મોટી થતી જાય છે. ભગવાન મહાવીરે જે 'મોહ'ને નષ્ટ કરવા કહ્યું, એ મોહ જ સંપ્રદાયમાં ફૂલ્યો ફાલ્યો છે. સંપ્રદાયના મોહને કારણે જ મંદિરની માલિકી માટે આ વર્ગ કોર્ટમાં ભેગો થાય છે, આમને-સામને, અને મતભેદ, મનભેદ અને મનદુઃખ પાસે પહોંચી ગયા છે. જે પ્રતિમા આપણને વ્હાલી છે એના ઉપર કેટલા દુષ્કર્મો થાય છે! એક પક્ષ પોતાના હકના દિવસે ચક્ષુ કાઢે, બીજો પક્ષ પોતાના હકના દિવસે ચક્ષુ ચોંટાડે . આ પ્રતિમાઓ ક્યારેક 'બોલે' તો, એ આ બધાંને શું કહે? કલ્પના તો કરો.

**આ અંકના સૌજન્યદાતા**

**જશવંતભાઈ મણિલાલ શાહ પરિવાર**

**સુરેખાબેન ● રાજેશ ● હિતેશ ● જિતેશ**

હમણાં જ થોડાં સમય પહેલાં મુંબઈમાં એક મંદિરના પટાંગણમાં એક સરસ, ઉત્તમ જૈન પુસ્તક મેળો યોજાયો હતો. જૈનોએ ઉત્સાહભેર ભાગ લીધો, અને મોટી સંખ્યામાં જૈન ધર્મના એક પંથની જાણકારી મેળવી પુસ્તકો પણ ખરીદ્યા. પરંતુ આ પુસ્તક મેળામાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના જ પુસ્તકોને સ્થાન હતું.મેં આયોજકોને પૂછ્યું, ''તો અન્ય સંપ્રદાયના મુલાકાતીને તમે પ્રવેશ આપશો?'' એમણે 'હા' પાડી. અન્ય સંપ્રદાયના જ્ઞાનને આવકાર નહિ! પણ વ્યક્તિને આવકાર?!! કારણકે પોતાના

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સંપ્રદાયના પુસ્તકો વેચાય!! અને પ્રચાર પણ થાય!!

ધર્મ એક, પણ દરેક સંપ્રદાયની સંવત્સરી જુદી. સન ૨૦૧૨માં પાંચ સંવત્સરી? જૈનેતર વર્ગ પૂછે, 'તમે કઈ સંવત્સરીવાળા?' કારણકે આપણું 'મિચ્છા મિ દુક્કડમ્' પ્રસિદ્ધ છે. જૈન મિત્રોને આ 'મિચ્છા મિ દુક્કડમ્' શબ્દ સંવત્સરીમાં પહોંચાડવો એવો શિષ્ટાચાર અજૈનો સમજે છે. સરકાર કહે, 'તમારે કોની સંવત્સરીની રજા જોઈએ છે? કઈ સંવત્સરીએ કતલખાના બંધ રાખવા? એક મત થઈને આવો, ત્યાં સુધી બધાંની બધી સંવત્સરીએ ભલે હિંસા થતી?' ઈસ્લામધર્મી ભાઈઓ કહે છે, 'અમારા ધર્મમાં ચાર પત્નીની મંજૂરી છે, પણ અમારી ઈદ તો એક જ છે.' શીખભાઈઓ કહેશે, 'ભલે અમે કટાર રાખીએ પણ અમારી ગુરુનાનક જયંતિ એક છે.' આવું જ રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, બુદ્ધ જયંતિ, આ બધાં શુભ દિવસો એક જ દિવસે. અને અતિ શુભમાં માનનારા જૈનોની સંવત્સરી પાંચ? જૈન યુવા વર્ગને શું ઉત્તર આપવો? આવા મતમતતાંતરો છે એટલે જ તો આ વર્ગ પોતાના જૈન ધર્મથી વિમુખ થતો જાય છે. જૈનેતર સમાજ પાસે આપણે હાંસીપાત્ર થઈ રહ્યા છીએ, છતાં આ દિશામાં કોઈ પ્રતિષ્ઠિત જૈન શ્રાવક-શ્રાવિકા કે સાધુ-સાધ્વી નેતૃત્વ લેવા તૈયાર નથી?! પચાસેક વર્ષ પહેલાં આવો પ્રયત્ન થયેલો, પરિણામ ન આવ્યું એટલે વર્તમાનમાં ચૂપ બેસવાનું?

માણસની પ્રજ્ઞા વધે એટલે બુદ્ધિ મંથનમાંથી નિજી મત જન્મે, આ મત આગળ જતાં 'આગ્રહ'માં દૃઢ બને, આ આગ્રહમાંથી 'અહં'નું સર્જન થાય, આ અહં વિસ્તરે એટલે નવા સંપ્રદાયનો જન્મ થાય. એમાંથી ગુણપૂજા ગૌણ બને અને વ્યક્તિપૂજા પ્રધાન બની જાય, અને અનુયાયીઓ તો અતિ ભક્તિભાવે 'સ્વ' બુદ્ધિ છોડી એ 'પર' બુદ્ધિથી જ દોરવાતા જાય. આમ વર્તુળો મોટા થતા જાય.

**કૂપમંડૂક માનવીને તત્ત્વની વાત કરવાનો કોઈ અધિકાર નથી**

*"આનંદઘનના સમયે તપાગચ્છના "દેવસુર" અને "અણસુર" એ બે મોટા પક્ષભેદ ચાલતા હતા. સાગરગચ્છનું પણ એ વખતમાં ખૂબ જોર હતું. વળી શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી જુદા પડીને લુંકામત અને અન્ય મત નીકળ્યા હતા. એમની સાથે પણ વિરોધ ચાલતો હતો. વિ. સં. ૧૬૧૭માં ધર્મસાગરે તપાગચ્છ જ સાચો અને બીજા બધા ગચ્છ ખોટા એમ જણાવી ઉગ્ર પ્રહાર કરતા ગ્રંથો રચ્યા; જેને કારણે જૈન સમાજમાં ગચ્છ વચ્ચે અશાંતિ જાગી. 'મિરાતે અહમદી'માં પણ જૈન સમાજમાં ૮૪ ગચ્છ અસ્તિત્વમાં હતા, એવી નોંધ મળે છે. અસવા ગચ્છ, જરાવલ ગચ્છ, કંકેરા, છેરંટીઆ, ભરૂચા, આનપૂજા, અઢાવૈયા, કોડવીઆ, વેકોદીઆ, રહમ સાલીચા, મોડાસીઆ, વાસીઆ, કચ્છપાલીઆ, ઘોઘાવાલ, વડોદરીઆ, ખંભાતીઆ, બ્રહ્મના, ઝાલોરા, ભૂખડીઆ, ચિતોડા, બાપરવાલ, મોઢાહદીઆ, સાખોદ્રા, કુજડીઆ, કનીસા વગેરે જૈન સમાજના ગચ્છની નોંધ એમાં છે. આવા ગચ્છમાં રચ્યાપચ્યા રહેતા અને વાડાબંધીના યુદ્ધમાં પોતાની વીરતા દાખવનારાઓ ભણી આનંદઘન સ્પષ્ટ શબ્દોમાં પ્રહાર કરે છે. તેઓ કહે છે કે સંકુચિત વાડાબંધીમાં ખૂંપેલા એમના મુખમાં અનેકાંતવાદની વાત કેવી વરવી લાગે છે! ગચ્છના પેટાભેદને જાળવી રાખીને પોતાનું માન, મહત્ત્વ અને ગૌરવ વધારવાની તરકીબો કરનારાઓ અને બીજાઓને હીણા બતાવનારાઓ સામે આનંદઘનજીનો પ્રકોપ ફાટી નીકળે છે. આવા કૂપમંડૂક માનવીને તત્ત્વની વાત કરવાનો કોઈ અધિકાર નથી, એમ તેઓ કહે છે."*

ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત 'મહાયોગી આનંદઘન'માંથી

ઇતિહાસ અને શાસ્ત્ર તરફ દૃષ્ટિ કરીએ તો ભગવાન ઋષભદેવની ઉપસ્થિતિમાં મરિચીએ નવો પંથ સ્થાપ્યો હતો. ભગવાન મહાવીરની ઉપસ્થિતિમાં ગણધરોએ સમજાવ્યા છતાં ભગવાન મહાવીરના જમાઈ જમાલીએ નવો પંથ સ્થાપ્યો હતો.

મહાવીર પ્રભુની પાટે પાંચમા ગણધર સુધર્મા સ્વામી બિરાજ્યા, એટલે વર્તમાનમાં જે જૈન સાધુઓનો પરિવાર છે તે સઘળો સુધર્મા સ્વામીનો પરિવાર છે.

ભદ્રબાહુ સ્વામીના સ્વર્ગવાસ પછી શ્વેતાંબર દિગંબર બે ભાગ પડ્યા એટલે મહાવીરના નિર્વાણના ૬૦૯ વર્ષ પછી એટલે વિક્રમ સંવત ૧૩૯માં રથવીપુરમાં દિગંબર મતનો પ્રારંભ થયો. આ પંથના સ્થાપક શિવભૂતિ વિશે એક કથા લગભગ આ પ્રમાણે છે:

શિવભૂતિ સંસાર ક્ષેત્રે એક મોટા-મહાન યોદ્ધા હતા. રાજાના માનીતા હતા. એક વખત રાત્રે ઘરે મોડા આવ્યા, અને પત્નીને ગુસ્સો આવ્યો, અને એણે પોતાની સાસુને એટલે શિવભૂતિની માતાને દરવાજો ખોલવાની ના પાડી. દરવાજો ન ખોલ્યો એટલે બહારથી શિવભૂતિએ પૂછ્યું, 'હવે આ મોડી રાત્રે હું ક્યાં જાઉં?' ત્યારે માતાએ અંદરથી જ ગુસ્સામાં કહ્યું કે, 'જા જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં જા.' શિવભૂતિ ગામમાં નીકળ્યા. બધાં ઘરના દરવાજા બંધ હતા, માત્ર એક ઉપાશ્રયનો દરવાજો ખૂલ્લો હતો. શિવભૂતિ ત્યાં ગયા અને જૈન સાધુઓની રાત્રિચર્યા અને દિનચર્યા જોઈને પ્રભાવિત થયા અને ત્યાં જ આચાર્ય આર્યકૃષ્ણથી દીક્ષિત થયા. બધું તજ્યું, પણ રાજાએ વીરતાના ઈનામ તરીકે શિવભૂતિને એક રત્નજડિત કાંબળો આપ્યો હતો, તેના તરફનો એમનો મોહ છૂટતો ન હતો. એક વખત શિવભૂતિ ગોચરી વહોરવા બહાર ગયા હતા ત્યારે એમની ગેરહાજરીમાં ગુરુએ એ રત્નકંબલના ટુકડે ટુકડા કરી નાખ્યા. શિવભૂતિ ગોચરી

લઈને આવ્યા અને કંબલના ટુકડા જોઈને દુઃખી થયા. થોડો ઊંડો વિચાર કરતા એમને સમજાયું કે આ પરિગ્રહ અને મોહ જ દુઃખનું કારણ છે, એટલે હવે આ વસ્ત્ર પણ શા માટે પહેરવા? આમ વિચારી એમણે વસ્ત્રનો ત્યાગ કર્યો અને દિગંબર (દિગ્ = દિશા, અંબર = વસ્ત્ર) માત્ર દિશા જ જેનું વસ્ત્ર છે એવા દિગંબર બન્યા, અને એમના પંથને દિગંબર પંથ નામ અપાયું.

આ પંથમાં અનેક સાધુ ભગવંતો જોડાયા. સ્ત્રીઓને પણ ઇચ્છા થઈ, પરંતુ સાધ્વીઓએ તો વસ્ત્ર પહેરવા જ જોઈએ એવો નિર્ણય લેવાયો, પરિણામે દિગંબર પંથમાં સાધ્વીઓ પણ જોડાઈ. સ્ત્રી સાધ્વી વસ્ત્ર પહેરે એટલે એને મોક્ષ પ્રાપ્તિ ન મળે એવો વિચાર વહેતો થયો. અહીં આપણને પ્રશ્ન થાય કે મોક્ષ તો આત્માને મળે છે, શરીરને નહિ, તો સ્ત્રી આત્મા મોક્ષનો અધિકારી કેમ નહિ?

આ દિગંબર પંથમાં એની જ એક શાખા યાપનિય પંથ સ્થપાયો, જે સ્ત્રીઓને પણ મોક્ષનો અધિકાર છે એમ માનતો. આ પંથે ખૂબ પ્રગતિ કરી અને એ પ્રસિદ્ધ પણ થયો. અને ઘણો સમય જીવંત રહ્યો. પરંતુ એ સમયના પ્રવાહમાં કે અન્ય સંપ્રદાયના ઉત્થાનને કારણે વિલિન થઈ ગયો. વર્તમાનમાં ભાગ્યે જ આ પંથ વિશે કોઈ જાણતું હશે એવો એ માત્ર આ જૈન ઇતિહાસનું એક પૃષ્ટ બની રહ્યો.

ભગવાન મહાવીરની પહેલાં ભગવાન પાર્શ્વનાથના સમયમાં સાધુઓ વિવિધ રંગના વસ્ત્રો પહેરતા, પરંતુ ભગવાન મહાવીરે શ્વેત રંગની આજ્ઞા કરી એટલે ત્યાર પછીના શ્રમણ-શ્રમણીઓ શ્વેત વસ્ત્રો પહેરતા એ શ્વેતાંબરી કહેવાયા.

જૈન મૂર્તિપૂજા અત્યંત પ્રાચીન છે. પાંચ હજાર વર્ષ પહેલાં મૂર્તિપૂજા હતી એની પ્રતીતિ મોહન-જો ડેરોના અવશેષોમાંથી મળે છે.

આમ પ્રારંભમાં શ્વેતાંબર અને દિગંબર બે પંથો થયા.

આ દિગંબર પંથમાં આજે લગભગ ૨૦ પેટા પંથ છે. આ પંથ નવકારના પાંચ પદમાં માને છે, નમો નહિ 'ણમો' ઉચ્ચાર આ પંથને માન્ય છે. એમણે ૪૫ આગમોનો નિષેધ કર્યો અને એમણે પોતાના આગમો 'સમયસાર' વગેરેની કાળક્રમે રચના કરી.

વિક્રમ સંવત પહેલાં ૪૭૦ વર્ષે ભગવાન મહાવીર ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામ્યા પછી એક હજાર વરસ સુધી નવા નવા સંપ્રદાયોનો ઉગમ થયો. કેટલાંક સ્થિર થયા કેટલાંક વિલીન થયા એની વિગતમાં વિશેષ ન ઊતરતા છેલ્લાં હજાર વરસમાં કેટલાં સંપ્રદાયોનો ઉગમ થયો એનું વિહંગદર્શન કરીએ તો આપણને આશ્ચર્ય થયા વગર નહિ રહે. સંપ્રદાય-ગચ્છનો ઉગમ વિશેષતઃ વ્યક્તિના નામથી થયો, એટલે ગુણપૂજા કરતા વ્યક્તિપૂજા કેટલી વિશેષ હતી એની પ્રતીતિ થશે. એ સમયની જેટલી માહિતી પ્રાપ્ત છે એટલી અહીં પ્રસ્તુત છે. સંવત વિક્રમ સંવત સમજવી.

ચંદ્રસૂરિએ ચંદ્રગચ્છ, સામંતભદ્રસૂરિએ વનવાસી ગચ્છ, ૧૧૫૯માં પુનમિયાગચ્છ,


## આગામી પર્યુષણ પર્વ નિમિત્તે

ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક

# ગણધરવાદ

### શીર્ષકથી સપ્ટેમ્બરમાં પ્રગટ થશે

**આ વિશિષ્ટ અંકનું સંપાદન આગમ ગ્રંથોના અભ્યાસી**

**ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી કરશે**

*ભગવાન મહાવીર સ્વામીના ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર ગણધરો હતા. તેઓ સૌ વેદોના પ્રકાર પંડિત હતા પણ આ દરેકના મનમાં એક સંદેહ-શંકા હતી. ભગવાન પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી-કેવળજ્ઞાનથી આ બધાંની શંકા દૂર કરે છે. એટલે ઈન્દ્રભૂતિ ગૌતમ અને આ અગિયાર પંડિતો પોતપોતાના શિષ્યો સાથે ભગવાનના શિષ્યો બની જાય છે. આજ પાછળથી ગણધર બને છે અને ગણધરવાદની સ્થાપના થાય છે.*

*ભગવાન મહાવીર ગણતંત્રના વાતાવરણમાં ઊછર્યા હતા. સત્તા અને સંપત્તિના વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત એ ગળથૂથી જ શીખ્યા હતા. એમણે સાધુસંઘને નવ ગણોમાં વિભક્ત કરી તેની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરી દીધું. ઈન્દ્રભૂતિ આદિ અગિયાર શિષ્યોની 'ગણધર' રૂપે નિમણૂક કરી. (ઈન્દ્રભૂતિ ગૌતમ કૂળના હતા એટલે એ 'ગૌતમસ્વામી' તરીકે ઓળખાયા.) પ્રથમ સાત ગણોનું નેતૃત્વ પ્રથમ સાત ગણધરોને સોંપ્યું. આઠમા ગણનું નેતૃત્વ અકંપિત અને અચલ તથા નવમા ગણનું નેતૃત્વ મેતાર્ય અને પ્રભાસને સોંપીને સંયુક્ત નેતૃત્વની જે વ્યવસ્થા કરી એનું જ નામ છે ગણધરવાદ.*

*આ અગિયાર પંડિતોના અગિયાર પ્રશ્નોના ભગવાન ઉત્તર આપે છે એનું પ્રશ્નોત્તર શૈલીમાં આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં 'ગણધરવાદ'ના નામથી વર્ણન કર્યું છે. આ અગિયાર પ્રશ્નોત્તરમાં સમસ્ત જૈનદર્શનનો સાર આવી જાય છે. આત્મા, નવ તત્ત્વ, પંચાસ્તિકાય, કર્મવાદ, પુણ્ય-પાપ-બંધન-મુક્તિ, દેવ અને નારકોની ચર્ચા આદિ દ્વારા જૈનદર્શનનું હાર્દ એટલે ગણધરવાદ.*

**આ અંક એક અલભ્ય આધ્યાત્મિક સંભારણું બની રહેશે**

***જેમને આ અંકની નકલો પ્રભાવનાર્થે જોઈતી હોય તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયનો સત્વરે સંપર્ક કરે.***

૧૧૬૦માં જિનવલ્લભસૂરિએ ખરતરગચ્છ સ્થાપી મહાવીરના પાંચ નહિ છ કલ્યાણકોની પ્રરૂપણા કરી. ૧૧૬૯માં આર્યરક્ષિતજી દ્વારા અંજલગચ્છ, ૧૧૭૧માં ધનેશ્વરસૂરિ દ્વારા વિશાવળગચ્છ, ૧૨૩૬માં સાર્ધપૂર્ણમિયક ગચ્છ, ૧૨૫૦ આગમિક અથવા ત્રણ થૂઈ વાળો ગચ્છ, ૧૨૮૫માં વડગચ્છનું તપાગચ્છમાં પરિવર્તન, ૧૫૦૮માં લુકા નામના વણિકે લોકાગચ્છ, અહીં મૂર્તિપૂજાનો નિષેધ, ૧૫૭૨માં બીજ મત, ૧૫૭૫માં પાર્શ્વચંદ્ર મત, ૧૭૧૨ ઢુંઢિયાગચ્છ, ૧૮૧૮માં સ્થાનકવાસીનો એક નવો ફાંટો તેરાપંથ.

અવધૂત આનંદઘનજીના સમયમાં ૮૪ ગચ્છો હતા!

અને આજે પણ કેટલા ગચ્છ છે? જૂઓ, મૂર્તિપૂજકમાં ૨૫ ગચ્છ, જે મૂર્તિપૂજા, ૪૫ આગમો અને ભક્તામરની ૪૪ ગાથા તેમ જ નવકારના નવ પદ માને. સ્થાનકવાસીના ૨૩ ગચ્છ, જે નવકારના પાંચ પદ માને, ૩૨ આગમો જ માને, મૂર્તિપૂજાનો નિષેધ, ભક્તામરની ૪૮ ગાથા માને. દિગંબરના ૨૦ પંથ, જે પોતાના આગમો અને નવકારના પાંચ પદ માને. કવિ પથ એટલે શ્રીમદ્ રાજચંદ્ર પથમાં ત્રણ પંથ અને હમણાં એક દાદા ભગવાનનો અક્રમ વિજ્ઞાન.

કેટલા થયાં? લગભગ બહોંતેર. ઉપરના ત્રણ પેરેગ્રાફમાં કાંઈ ભૂલ હોય તો ક્ષમા કરી ભૂલ દેખાડવા વિનંતિ. કદાચ સંવતની ભૂલ હોવાની શક્યતા છે પણ મૂળ વાત તો જૈન ધર્મમાં અનેક સંપ્રદાયોની છે, જે છે જ.

પણ આપણે ક્યાં હતા? ક્યાં છીએ? ત્યાંના ત્યાં જ?

જૈન ધર્મ એક જિવીત ધર્મ છે. એમાં સ્વસ્થ જીવન જીવવાની કલા છે. આ ધર્મમાં વર્ગભેદ નથી, વર્ણભેદ નથી. શ્રેણિક રાજા અને સામાન્ય માનવ, તેમજ ચારે વર્ણ એક સાથે બેસી શકે છે એટલો એ ઉદાર છે. કર્મના મહાન સિદ્ધાંત દ્વારા એ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અપરિગ્રહ અને સાપેક્ષવાદ જેવા મહાન સિદ્ધાંતો જગતને જૈન ધર્મે આપ્યા, જે વિશ્વને શાંતિના શિખરે બિરાજાવવા સમર્થ છે.

વિવિધ સંપ્રદાયોમાં અટવાયેલા આ અતિ પ્રાચીન અને મહાન ધર્મમાં શું એકતા શક્ય નથી?

ના, શક્ય નથી. પ્રત્યેક સંપ્રદાયના મૂળ એટલાં ઊંડા ઉતરી ગયા છે કે હવે આ એકતા શકય નથી, છતાં અન્ય દૃષ્ટિકોણથી એકતા શક્ય છે. મુખ્ય સંપ્રદાયો, શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરા પંથ, આ સંપ્રદાયના વિવિધ પેટા સંપ્રદાયોનું એના મુખ્ય સંપ્રદાયમાં વિલીનકરણ થાય તો આજે જે મતભેદો, મનભેદો સુધી પહોંચ્યા છે ત્યાંથી પાછા વળી મતભેદો સુધી જ રહે, કેમકે, આખરે તો સાપેક્ષવાદ અને અનેકાંતવાદ જૈન ધર્મનો આત્મા છે!

ભારત જૈન મહામંડળ અને જૈન ગ્રુપો આ દિશામાં ઉત્તમ પ્રયત્ન કરી રહ્યા છે, એ સંસ્થાના સમારંભ-સમારોહમાં જૈન ધર્મના બધાં જ ફિરકાના સભ્યો સાથે બેસે છે, સાથે આરોગે છે અને અન્ય વ્યવહારો માટે સંમત થાય છે. બસ,પ્રત્યેક ગચ્છ સંપ્રદાયના સભ્ય પ્રતિજ્ઞા લે કે અમારા મતભેદો માટે અમે કોર્ટ કચેરીનો આશરો નહિ લઈને અન્ય સમાજ-ધર્મમાં હાંસીપાત્ર નહિ થઈએ. આટલું થાય તો પણ ઘણું છે. એક મત ભલે ન બને, પણ એક મંચ તો બને જ બને.

અને એથી ય વિશેષ એ કે પ્રત્યેક જૈન પ્રતિજ્ઞા લે કે પોતાના સંસારમાં બાળક જન્મ લે ત્યારે એ બાળકને એ યુવાન થાય ત્યાં સુધી આગળ પાછળ કોઈ પણ 'લેબલ' લગાડ્યા વગર એવું શીખવાડે કે એ પોતાની જાતને જૈન, 'માત્ર જૈન' તરીકે જ ઓળખાવે. આમ થાય તો સો વરસ પછીનો જૈન ધર્મનો ઇતિહાસ કંઈ જૂદો અને ઊજળો હશે જ.

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રથી મોક્ષપ્રાપ્તિ શક્ય છે, એ ઉપરાંત અન્ય સિદ્ધાંતો તો બધાં જ જૈન સંપ્રદાયમાં સ્વીકાર્ય છે, જ્યાં છે ત્યાં વિચારભેદ લગભગ નથી, આચારભેદ જ છે.

જે જૈન ધર્મમાં જ્ઞાન અને તપ કેન્દ્ર સ્થાને છે, એ જૈન ધર્મ આજે વિવિધ બાહ્ય ક્રિયાકાંડો અને ઉત્સવ-મહોત્સવમાં અટવાઈ ગયો છે.

કોઈ સત્ય અંતિમ સત્ય નથી અને કોઈ પરિસ્થિતિ અંતિમ નથી, પણ આ 'વિચાર' જ અંતિમ સત્ય છે, એટલે નિરાશ થવાની જરૂર નથી. જરૂર છે પુરુષાર્થની, નેતૃત્વની.

પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રના પત્રાંક ૧૨૭:

''સમુદાયના કલ્યાણ અર્થે જોતાં બે પર્યુષણ દુઃખદાયક છે. પ્રત્યેક મતમતાંતર સમુદાયમાં વધવા ના જોઈએ, ઘટવા જોઈએ.''

–સંવત ૧૯૪૬.

ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્ વ્યવહાર,
ભાન નહિ નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર,
આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિ હોય.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર', ગાથા-૧૩૩,૧૩૪.

સંપ્રદાય સરિતા છે, જૈન ધર્મ મહાસાગર છે. આ મહાસાગરમાં સર્વ સરિતા સમર્પિત થાઓ.

અહંનું વિગલન થાવ. પછી એકતા અને મોક્ષ ક્યાં દૂર છે?

મિચ્છામિ દુક્કડમ્

□ ધનવંત શાહ
drdtshah@hotmail. com

- *સદાચરણમાં જીવન વિતાવનાર દીર્ઘજીવી હોય છે. એનાં સંતાન પણ એને સુખ આપનારાં હોય છે. એ ધન-સંપત્તિ પણ પ્રાપ્ત કરે છે. ખરાબ લોકો એની સંગતમાં આવે તો તેઓનું આચરણ પણ સુધરી જાય છે.*

□ મનુસ્મૃતિ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૬૧ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૩ ● વિક્રમ સંવત ૨૦૬૯ ● વીર સંવત ૨૫૩૯ ● અષાઢ સુદિ ● તિથિ-૮ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૪મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●   ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈન એકતા-૨

જૂનના 'પ્રબુદ્ધ જીવન'માં ઉપરના વિષય ઉપર લખેલા લેખનો બહોળો પ્રતિભાવ અને પ્રતિસાદ મળ્યો, એનો આનંદ તો છે જ, પરંતુ એ આનંદ તો જ પરમાનંદમાં પરિવર્તિત થાય જો એ પરિણામ લક્ષી બને. હવે માત્ર ચર્ચા નહિ, પરિણામ લક્ષી નક્કર કાર્ય શરૂ થાય. શાસન દેવને આપણે સૌ એવા સંપ અને એકતા માટે પ્રાર્થના કરીએ.

એ લેખને આ અંકમાં આગળ વધારવાનું એક કારણ એ છે કે મારી જાણ પ્રમાણે જૈન એકતા માટે જે બે અ-જૈનોએ પોતાના કાર્યથી પ્રયત્નો કર્યા છે એનો ઉલ્લેખ કરવાનું એ લેખમાં રહી ગયું હતું. એક વાચક મિત્ર નેણસીભાઈએ આ હકીકત પ્રત્યે મારું ધ્યાન દોર્યું. એમનો આભાર માની એ અ-જૈનો પ્રત્યે ઋણ સ્વીકાર કરી હૃદયનો ભાર હળવો કરું છું.

રાષ્ટ્રીય સંત પૂ. વિનાબોજીને સર્વ ધર્મનાં ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે અન્ય ધર્મો પાસે પોતાનો એક પ્રતિનિધિ ગ્રંથ છે. જેમકે, ભગવદ્ ગીતા (વૈદિક સાહિત્યનો સો ગ્રંથોનો સાર), બાયબલ, કુરાન, ધમ્મપદ (૧૪ ગ્રંથોનો સાર), જપજી, પરંતુ જૈનો પાસે વિશાળ અને ઊંડાણભર્યું પોતાનું સાગર જેટલું શ્રુત સાહિત્ય હોવા છતાં એમની પાસે પોતાનો આવો કોઈ ખાસ પ્રતિનિધિ ગ્રંથ નથી.

સર્વ ધર્મના અધ્યયનના પરિણામે વિનોબાજીએ આપણને કુરાન સાર, ખ્રિસ્તી ધર્મ સાર, ગીતા પ્રવચનો, જપુજી, ધમ્મપદ, ભગવત ધર્મસાર અને તાઓ ઉપનિષદ જેવા પુસ્તકો આપ્યા, પણ જૈન ધર્મના સાર માટે એમણે પોતે લખવાનું નહિ, પણ એ ધર્મના વિદ્વાનો પાસે લખાવવાનું એમણે વિચાર્યું, કારણકે જૈન ધર્મ અનેક સંપ્રદાયોમાં વિસ્તરાયેલો છે અને પ્રત્યેક સંપ્રદાય પાસે પોતાના વિશાળ ગ્રંથો પણ છે.

વિનોબાજી લખે છે, 'હું કબૂલ કરું છું કે **ગીતાની મારા ઉપર ઊંડી અસર છે. ગીતા પછીથી મહાવીર ભગવાનથી વધુ બીજી કોઈ પણ વાતની અસર મારા ચિત્ત ઉપર નથી.** એનું કારણ એ છે કે મહાવીર ભગવાને જે આજ્ઞા આપી છે તે બાબાને પૂરેપૂરી કબૂલ છે. એ આજ્ઞા છે-**સત્યગ્રાહી** બનો. આજે તો જે આવ્યો એ **સત્યાગ્રહી** બની નીકળે છે. બાપુએ બાબાને પણ સત્યાગ્રહી તરીકે આગળ કર્યો હતો, પણ બાબા જાણતો હતો કે એ સત્યાગ્રહી નથી. **સત્યગ્રાહી** છે. દરેક માનવ પાસે એનું સત્ય હોય છે અને તેથી માનવ-જન્મ સાર્થક થતો હોય છે. આમ તમામ ધર્મોમાં, તમામ પંથોમાં અને તમામ માનવોમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ. ભગવાન મહાવીરનો આ ઉપદેશ છે. ગીતા પછી બાબા પર એની જ અસર છે. **ગીતા પછીથી** એમ કહું છું ખરો, પણ જોઉં છું તો મને એ બન્નેમાં કશોય ફરક દેખાતો નથી.' (બાબા એટલે વિનોબાજી પોતે).

મહાવીર વાણીથી વિનોબાજી આટલા બધાં પ્રભાવિત હતા. ઉપરાંત એમણે એ પણ નોંધ્યું છે કે જૈન ધર્મ આચાર પ્રધાન વિશેષ છે, પ્રચાર

આ અંકના સૌજન્યદાતા

**શ્રી નાગરદાસ ગુલાબચંદ શાહ**

**અને**

**શ્રીમતી સવિતાબેન નાગરદાસ શાહ**

**'જીવી ગયાનો આનંદ' મહોત્સવ નિમિત્તે**

પ્રધાન નથી. અંતે તો આચાર જ મુખ્ય છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર-આ ચાર જ મોક્ષના દ્વારનું દર્શન કરાવી શકે છે.

જૈન ધર્મના સર્વ સંપ્રદાયોના તત્ત્વને સમાવે એવા ગ્રંથનું સર્જન કરવાનું વિનોબાજીએ વિચારી એક વિશાળ યોજના બનાવી. આખરે વિનોબાજી **સત્યગ્રાહી** અને સમન્વયકારી તો હતા જ. અને પોતે રચેલા અન્ય ધર્મના સારના પુસ્તકોમાં આ જૈન ધર્મ સારનો ખૂટતો મણકો પણ એમને પૂરવો હતો જ.

અને આ ભગીરથ ક્રમ માટે જૈન ધર્મ તત્ત્વના વિદ્વાન બ્રહ્મચારી તપસ્વી જિનેન્દ્ર વર્ણીજી એમને મળી ગયા. વર્ણીજીએ જૈન સંપ્રદાયના બધાં ગ્રંથોનો અભ્યાસ કરી એક પુસ્તક તૈયાર કરી એને 'જૈન ધર્મસાર' શીર્ષક આપ્યું. પહેલાં એક હજાર નકલો તૈયાર કરી જૈન સાધુઓ અને વિદ્વાનોને મોકલાવી. સૂચનો માટે નિમંત્રણ આપ્યું. વિદ્વાનોના સૂચનો આવ્યાં, ગાથાઓ સૂચવાઈ, અને એ ધ્યાનમાં રાખી બીજું સંકલન શ્રી દલસુખભાઈ માલવણિયાએ કર્યું, ફરી સૂચનો નિમંત્ર્યા, સૂચનો આવ્યા અને વર્ણીજીએ ત્રીજું સંકલન કર્યું અને નામ આપ્યું 'જિણધમ્મ'. દિલ્હીમાં જૈન ધર્મના સર્વ સંપ્રદાયના લગભગ ૩૫૦ વિદ્વાનોની બેઠકમાં આ સંકલન પ્રસ્તુત થયું, તા. ૨૯, ૩૦ નવેમ્બર-૧૯૭૪. બે દિવસમાં ચાર બેઠકો થઈ. ચારે બેઠકોનું અધ્યક્ષસ્થાન સ્વીકાર્યું મુનિશ્રી સુશીલકુમારજી, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનક વિજયજી તથા ઉપાધ્યાય મુનિશ્રી વિદ્યાનંદજી. આ ચારે બેઠકોને આશીર્વાદ મળ્યા આચાર્ય તુલસીજી, આચાર્ય ધર્મસાગરજી, આચાર્ય શ્રી વિજય સમુદ્રસુરિજી તથા આચાર્ય શ્રી દેશભૂષણજીના. આ ચારે અધ્યક્ષોની સહાયતાથી આત્મ-પ્રકાશી વર્ણીજીએ ગ્રંથને અંતિમ સ્વરૂપ આપ્યું, જે સર્વમાન્ય થયું.

આ સર્વ પ્રક્રિયા પૂ. વિનોબાજીના પ્રત્યક્ષ અને પરોક્ષ માર્ગદર્શનથી થઈ. પણ વિનોબાજીએ ક્યાંય પોતાનો કોઈ આગ્રહ પ્રદર્શિત ન કર્યો. એઓ માત્ર નિષ્પક્ષ દૃષ્ટા જ રહ્યાં કારણ કે એ જાણતા હતા કે એ પોતે અ-જૈન છે. એમનો આંતરભાવ તો સમન્વયનો જ હતો.

પૂ. વિનોબાજીની પ્રેરણા, તપસ્વી વર્ણીજીનો પ્રચંડ પુરુષાર્થ, સર્વ સંપ્રદાયના અનેક વિદ્વાન પંડિતો અને મુનિજનોનું સંશોધન, સર્જન, સંવર્ધન, સંયોજન અને સમર્થને પરિણામે જે જૈન તત્ત્વજ્ઞાનનો પ્રતિનિધિ ગ્રંથ સર્જાયો તે **'સમણસુત્તં'** ગ્રંથ, જેનું પ્રકાશન તા. ૨૪-૪-૧૯૭૫ના મહાવીર જયંતીને દિવસે થયું અને પહેલે જ દિવસે બધી નકલો વેચાઈ ગઈ. આ મહાન કાર્યના સર્જનનો ઇતિહાસ દીર્ઘ છે, અહિં તો માત્ર પરિચયાત્મક લાઘવ-

**'સમણસુત્તં'નું સર્જન એ જૈન ઇતિહાસની ૨૧મી સદીની આ મહાન ઘટના છે.**

વિનોબાજીએ સંતોષ વ્યકત કરતાં લખ્યું કે 'હવે આગળ ઉપર જ્યાં સુધી જૈન ધર્મ ટકશે અને બીજા વૈદિક તથા બૌદ્ધ ધર્મો પણ હશે ત્યાં સુધી આ 'જૈન-ધર્મ-સાર' 'સમણસુત્તં'નું અધ્યયન થતું રહેશે. છેલ્લાં દોઢ હજાર વર્ષમાં નહોતું થઈ શક્યું તેવું એક બહુ મોટું કાર્ય સંપન્ન થયું. એમાં બાબા માત્ર નિમિત્ત બન્યા, પણ મને પાકી ખાત્રી છે કે એ ભગવાન મહાવીરની કૃપા છે.' ૨૫-૧૨-૭૪.

ચાર ખંડ-૧. જ્યોતિમુખ, ૨. મોક્ષ માર્ગ, ૩. તત્ત્વદર્શન, ૪. સ્યાદ્‌વાદ, ચુમાલીસ પ્રકરણો ૭૫૬ (૧૦૮x૭) ગાથાઓ, જેમાં જૈનધર્મ, તત્ત્વદર્શન તથા આચાર માર્ગનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય આવી જાય છે. મૂળ પ્રાકૃત ભાષાના આ સમણ સુત્તંને શ્રમણ સૂત્રમ્ પણ કહેવાયું, એમાં સમાંતરે સંસ્કૃત ગાથા અને ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને મરાઠી ભાષામાં એનું ભાષાંતર પણ થયું છે. આ બધી ગાથાઓ જૈનોના આગમો અને પ્રાચીન ગ્રંથોમાંથી લેવાયેલી છે. કઈ ગાથા કયા ગ્રંથમાંથી છે એ વિનોબાજીના સૂચનથી નથી દર્શાવાયું. કારણકે જો કઈ ગાથા કયા ગ્રંથમાંથી લેવાઈ છે એ જો જણાવાય તો પાછા સંપ્રદાયોમાં ચર્ચા-કલહ થાય કે અમારા આ ગ્રંથમાંથી આ ગાથા કેમ નહિ, અથવા 'આ' ગ્રંથને કેમ સ્થાન નહિ? વિનોબાજી જૈનોની નસેનસના જાણકાર હશે?

પરંતુ આપણા વિદ્વાન પંડિતોમાંના એક પ્રકાંડ વિદ્વાન અને આગમોના અભ્યાસી પૂ ડૉ. સાગરમલજી જૈને ખૂબ જ પરિશ્રમ બાદ શોધી આપ્યું કે કઈ ગાથા કયા ગ્રંથમાંથી છે. પૂજ્યશ્રીને આપણા વંદન. આ શોધ હમણાં બે વરસ પહેલાં જ થઈ.

આ ગ્રંથો છે: ઉત્તરાધ્યયન સૂત્ર, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, દ્રવ્ય સંગ્રહ, ગોમ્મટસાર, પંચાસ્તિકાય, દશ વૈકાલિક સૂત્ર, ભગવતી સૂત્ર, પંચ પ્રતિક્રમણ, વગેરે લગભગ ૬૧ ગ્રંથો.

આ **'સમણસુત્તં'**ના સર્જન પહેલાં સંકલન પુસ્તકો તૈયાર થયા હતા, જેમાં શ્વેતાંબર મુનિ ચૌથમલજી દ્વારા, ભગવત ગીતા જેવો ૧૮ પ્રકરણનો 'નિર્ગ્રંથ પ્રવચન', આચાર્ય બુદ્ધિસાગર દ્વારા 'મહાવીર ગીતા' અને 'પંડિત બેચરદાસ' દ્વારા 'મહાવીર વાણી', પરંતુ આ પુસ્તકોમાં લગભગ એક જ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ હતું એટલે એ સર્વમાન્ય ન થયા. અને એનો વિશેષ પ્રચાર પણ ન થયો.

પરંતુ અ-જૈન વિનોબાજીએ **'સમણસુત્તં'** દ્વારા સર્વ ફિરકા માન્ય જે વિરાટ કાર્ય કર્યું તેવું જૈન ધર્મના છેલ્લા ૨૫૦૦ વર્ષમાં નથી થયું, એટલે આ મહાન કાર્ય માટે જૈન શાસન એમનું ઋણી રહેશે.

પરંતુ અતિ પરિશ્રમથી અને સમન્વય દૃષ્ટિથી સર્જાયેલા, સર્વ જૈન સંપ્રદાય સમન્વય જેવા આ **'સમણસુત્તં'** જેવા ગ્રંથને જૈનોએ કેટલો આવકાર્યો? ૧૯૭૫માં પ્રકાશિત થયેલા આ ગ્રંથની માંડ દશેક આવૃત્તિ થઈ હશે. એનો અનુવાદ સંસ્કૃત, ગુજરાતી, હિંદી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં થયો. અન્ય ભાષામાં થયો હોય તો એની માહિતી મારી પાસે નથી, એટલો આ ગ્રંથનો શાંતપ્રચાર છે. આવા ગ્રંથને તો હાથીની અંબાડી ઉપર બિરાજાવી ગામેગામ દર્શનીય કરવો જોઈએ. ચતુર્વિધ

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/-(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/-(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/-(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/-(U.S. $180)

સંઘમાંથી કોઈ વર્ગે એની ખાસ નોંધ નથી લીધી, લીધી હોય તો આ ગ્રંથ પ્રત્યેક સંપ્રદાયના પ્રત્યેક જૈનના ઘરે, હિંદુઓ જેમ ભગવદ્ ગીતા કે અન્ય ધર્મી પોતાના ધર્મના પ્રતિનિધિ ગ્રંથને રાખે છે એમ રાખ્યો હોત.

લગભગ બે-ત્રણ વર્ષ પહેલાં મુંબઈમાં મારે આ 'સમણ સુત્તં' ઉપર વક્તવ્ય આપવાનો પ્રસંગ ઊભો થયો હતો, ત્યારે મારું વક્તવ્ય પૂરું થયા પછી પ્રમુખ મહાશયે કહ્યું કે, આ 'સમણ સુત્તં'માં અમારા સંપ્રદાયના વચનો નથી એટલે અમને માન્ય નથી.' મેં કહ્યું કે, 'સમણ સુત્તં આપણાં પ્રાચીન ગ્રંથોનું દોહન છે, જ્યારે તમે કહો છો એ સંપ્રદાયનો જન્મ જ હમણાં ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાં થયો છે. પણ તમારા જે વચનો જેમાંથી અવતર્યા એ મૂળ તત્ત્વો તો એમાં છે જ.' જે મોહને છોડવાનું અને અનેકાંત દૃષ્ટિને અપનાવવાનું તીર્થંકરે કહ્યું છે એ જ 'મોહ'ને આપણે વળગીએ છીએ.

**તો જૈન એકતા માટે અ-જૈન વિનોબાજીનું આ 'સમણ સુત્તં' મહા યોગદાન.**

બીજા અ-જૈનના યોગદાનને જોઈએ. મુંબઈ-ઘાટકોપરની કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટીઝ ઈન જૈનિઝમે આ 'સમણ સુત્તં' ઉપર ત્રણ દિવસનો સેમિનાર રાખ્યો, અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી વિદ્વાનોને નિમંત્રી આ સમણ સુત્તંના વિવિધ વિષયો ઉપર બે દિવસનો સેમિનાર યોજ્યો અને Various Facets of 'SAMANSUTRA' શીર્ષકથી અઢીસો પાનાના અંગ્રેજી પુસ્તકનું પ્રકાશન પણ કર્યું.

આ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક સોમૈયા પરિવાર અ-જૈન અને પુસ્તકના એક સંપાદક ડૉ. ગીતા મહેતા અ-જૈન અને બીજા કોકિલા શાહ જૈન.

મને ખબર નથી કે 'સમણ સુત્તં' ઉપર આવો સેમિનાર કોઈ જૈન સંસ્થાએ કર્યો હોય કે કોઈ ઉપાશ્રયમાં કોઈ એક સંપ્રદાયના મુનિ ભગવંતોએ 'સમણ સુત્તમ્' ઉપર દીર્ઘ વ્યાખ્યાન આપ્યું હોય. આવું અગર જ્યાં જ્યાં થયું હોય એ સર્વેને મારા કોટિ કોટિ વંદન.

આ 'સમણ સુત્તં' સર્વ જૈન સંપ્રદાયના જ્ઞાનનો ખજાનો છે, બધાં જૈન સંપ્રદાયના જ્ઞાનનું એમાં પ્રતિનિધિત્વ છે. એ અત્તરના પુમડાં જેવો છે. પ્રત્યેક ઘરમાં આ 'સમણ સુત્તં' ગ્રંથનું હોવું એટલે તમારું 'જૈન એકતા' માટેનું મહા પ્રદાન અને સાબિતી. એ હશે તો એના વાંચનથી ભવિષ્યની પેઢી સંપ્રદાયના વાડાથી મુક્ત થશે, ત્યારે, ક્યારેક જૈન એકતાનો સૂરજ નક્કી ઊગશે જ.

જૈન એકતા માટે આ અ-જૈન મહાનુભાવ અને આ સંસ્થાને આપણે વંદન કરીએ. જૈન એકતાના અભિયાનમાં આ અ-જૈનોએ ઉગતા સૂરજના પ્રથમ કિરણોને પ્રગટાવવાનું પુણ્ય કર્મ કર્યું છે.

□ ધનવંત શાહ
drdtshah2hotmail.com

('સમણ સુત્તમ્'-યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧.)


## આગામી પર્યુષણ પર્વ નિમિત્તે

ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક

# ગણધરવાદ

## શીર્ષકથી સપ્ટેમ્બર બીજીના પ્રગટ થશે

**આ વિશિષ્ટ અંકનું સંપાદન આગમ ગ્રંથોના અભ્યાસી**

**ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી કરશે**

ભગવાન મહાવીર સ્વામીના ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર ગણધરો હતા. તેઓ સૌ વેદોના પ્રકાર પંડિત હતા પણ આ દરેકના મનમાં એક સંદેહ-શંકા હતી. ભગવાન પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી–કેવળજ્ઞાનથી આ બધાંની શંકા દૂર કરે છે. એટલે ઈન્દ્રભૂતિ ગૌતમ અને આ અગિયાર પંડિતો પોતપોતાના શિષ્યો સાથે ભગવાનના શિષ્યો બની જાય છે. આજ પાછળથી ગણધર બને છે અને ગણધરવાદની સ્થાપના થાય છે.

ભગવાન મહાવીર ગણતંત્રના વાતાવરણમાં ઊછર્યા હતા. સત્તા અને સંપત્તિના વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત એ ગળથૂથીથી જ શીખ્યા હતા. એમણે સાધુસંઘને નવ ગણોમાં વિભક્ત કરી તેની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરી દીધું. ઈન્દ્રભૂતિ આદિ અગિયાર શિષ્યોની 'ગણધર' રૂપે નિમણૂક કરી. (ઈન્દ્રભૂતિ ગૌતમ કૂળના હતા એટલે એ 'ગૌતમસ્વામી' તરીકે ઓળખાયા.) પ્રથમ સાત ગણોનું નેતૃત્વ પ્રથમ સાત ગણધરોને સોંપ્યું. આઠમા ગણનું નેતૃત્વ અકંપિત અને અચલ તથા નવમા ગણનું નેતૃત્વ મેતાર્ય અને પ્રભાસને સોંપીને સંયુક્ત નેતૃત્વની જે વ્યવસ્થા કરી એનું જ નામ છે ગણધરવાદ.

આ અગિયાર પંડિતોના અગિયાર પ્રશ્નોના ભગવાન ઉત્તર આપે છે એનું પ્રશ્નોત્તર શૈલીમાં આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં 'ગણધરવાદ'ના નામથી વર્ણન કર્યું છે. આ અગિયાર પ્રશ્નોત્તરમાં સમસ્ત જૈનદર્શનનો સાર આવી જાય છે. આત્મા, નવ તત્ત્વ, પંચાસ્તિકાય, કર્મવાદ, પુણ્ય-પાપ-બંધન-મુક્તિ, દેવ અને નારકોની ચર્ચા આદિ દ્વારા જૈનદર્શનનું હાર્દ એટલે ગણધરવાદ.

**આ અંક એક અલભ્ય આધ્યાત્મિક સંભારણું બની રહેશે**

**જેમને આ અંકની નકલો પ્રભાવનાર્થે જોઈતી હોય તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયનો સત્વરે સંપર્ક કરે.**


□ ધનવંત શાહ